सा विद्या या विमुक्तये

# શારદ

એપ્રિલ-૨૦૨૪ - વર્ષ ૪૩, અંક-૨

## શાળાનું ગૌરવ





શારદામંદિરનો ગુજરાતી માધ્યમ વિનયમંદિર વિભાગનો ધો.૯માં અભ્યાસ કરતો ચિ. કવન ચેતનભાઈ ત્રિવેદી ૨૬ જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ દિલ્હી ખાતે આયોજીત પરેડમાં અમદાવાદ, ગુજરાતમાંથી એક માત્ર નેવલ કેન્ડીડેટ તરીકે ભાગ લીધેલ અને આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસેથી સન્માન મેળવેલ તેમજ દેશના અગ્રણિ નેતાઓ અને ઉચ્ચ અધિકારી સાથે બેસી ગ્રુપ ફોટો પણ મેળવેલ. શારદામંદિર શાળાનું ગૌરવ વધારનાર ચિ.કવનને ખૂબ ખૂબ અભિનંદન.

પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

## શતાબ્દી મહોત્સવ અંતર્ગત

# સાહિત્યોત્સવ ઉજવણી















## શતાબ્દી મહોત્સવ અંતર્ગત

## સ્વયંપાક હરીફાઈ

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ અને શાળાની શિક્ષિકા બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક સ્વયંપાક હરીફાઈમાં ભાગ લઈ એક અલગ જ જુસ્સો બતાવ્યો હતો. આ એક હરીફાઈ હોવા છતાં એકમેકને સાથ સહકાર આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.











## શતાબ્દી મહોત્સવ અંતર્ગત

## ક્રિકેટની શાનદાર ઉજવણી

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ક્રિકેટમાં ઉત્સાહભેર ભાગ લઈ જુદા જુદા વય જુથ વચ્ચે એકતાના દર્શન કરાવ્યા.









# શતાબ્દી મહોત્સવ અંતર્ગત


## સાંસ્કૃતિક કાર્યક્રમ

















# શારદ

सा विद्या या विमुक्तये

શારદામંદિર, અમદાવાદ.

એપ્રિલ-૨૦૨૪
વર્ષ ૪૩, અંક-૨


વાલીગણ

વિદ્યાર્થીમિત્રો

કુશળ હશો

સાદર નમસ્કાર,

વર્ષ ૨૦૨૩-૨૪ના અંતિમ ચરણમાંથી પસાર થઈ રહ્યા છીએ. બોર્ડ પરીક્ષાઓ સંપૂર્ણ કરી વાર્ષિક પરીક્ષા અને તેના પરિણામ તરફ આગળ વધી રહ્યા છીએ. મિત્રો શિક્ષણનીતિમાં વધુ અને વધુ ફેરફાર આવી રહ્યા છે. બાળક પુસ્તકને પ્રાધાન્ય આપે તે તો ખૂબ જરૂરી છે પણ જોડે જોડે વ્યવસાયલક્ષી પ્રાયોગિક શિક્ષણ મેળવે તે તરફ દેશ આગળ વધી રહ્યો છે. આપણે પણ શાળામાં આ વર્ષથી તે તરફ આગળ વધીશું. પરીક્ષા પધ્ધતિમાં પણ ફેરફાર થઈ રહ્યો છે.

શાળાના મેનેજમેન્ટ તરફથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં એક ડગલું આગળ વધી આપણી શાળામાં CSC સેન્ટર બનાવવામાં આવ્યું છે. શાળા "SMART" એકેડમી તરફ આગળ વધી રહી છે. જે અંતર્ગત બાળકોને સ્પોર્ટ્સ, મ્યુઝીક, આર્ટ , ટેકનોલોજી જેવા વિષયમાં બાળકને રસ હોય તેમાં આગળ વધવા માંગતો હોય તો શાળા તેને પ્રોત્સાહિત કરી તે પ્રકારનું શિક્ષણ પૂરું પાડવા માંગે છે. શાળામાં ઉનાળુ વેકેશનથી જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ કરવા જઈ રહી છે. ક્રિકેટ, ફૂટબોલ, ટેબલ ટેનિસ , વોલીબોલ જેવી રમતો તેમજ ટેકનીકલ વિષય જેમાં ખાસ કરીને વિજ્ઞાન જેવા વિષયો કે ગણિતના અઘરા વિષયને સહેલો કેવી રીતે પ્રયોગો દ્વારા કરી શકાય તે માટે જુદા જુદા સેમીનાર અને વર્ગો ચલાવશે.

વાલીશ્રીને વિનંતી કે આ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા શાળાની ઓફિસના કોન્ટેક્ટમાં રહે અને માર્ગદર્શન મેળવે. વેકેશન દરમ્યાન શાળાની ઓફિસનો સમય સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ રહેશે. શાળામાં એડમિશન માટે આ સમય દરમ્યાન શાળામાં આવવું. લોકસભાની ચૂંટણીના સંદર્ભે શાળમાં બોર્ડ તેમજ શાળાકીય પરિણામ વહેલા આવી શકે છે.

શાળા શતાબ્દી વર્ષ ઉજવી રહી છે. આવનાર દિવસોમાં પણ વિવિધ કાર્યક્રમોમાં બાળકો ભાગ લઈ કંઈક શીખે તેવો અભિગમ અપનાવવો જોઈએ.

આભાર.

- આચાર્ય
( વિજય રાવલ)

**શાળામાં ઉનાળુ વેકેશન તા. ૦૬-૦૫-૨૦૨૪ સોમવાર થી તા. ૦૯-૦૬-૨૦૨૪, રવિવાર સુધી રહેશે**
**તા. ૧૦-૦૬-૨૦૨૪, સોમવારથી શાળાનું નવુ સત્ર રાબેતા મુજબ ચાલુ થશે.**

# પ્રાતઃ પ્રાર્થના

પ્રથમ રવિવાર એટલેકે તા.૧૭/૧૨/૨૦૨૩ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો બહોળો પ્રતિસાદ મળ્યો, બધા ભાવવિભોર થઈ ગયા હતાં. પ્રથમ મા સરસ્વતિદેવીને માટે દીપ પ્રગટાવવામાં આવ્યો અને ત્યારબાદ માત્ર દીવો જ હોય અને એવી અભૂતપૂર્વ શાંતિમાં સૌ બેસી જાય. 'સબકો સન્મતિ દે ભગવાન...' જેવી વૈશ્વિક પ્રાર્થના, માત્ર દિલરૂબાના સૂરે તન્મય બનીને 'વૈષ્ણવજન તો એને રે કહીએ...'ના સૂરો રેલાયા. પછી બધાએ સ્વકંઠે શાળામાં ગવાતી બધી જ પ્રાર્થના સામુહિક સ્વરે ગાઈ, જેમકે 'યા કુન્દે... ॐ તત્સત....સત્ય અહિંસા તથા ઈશનું રાજ્ય છે આખું... સમાધિમાં સ્થિતપ્રજ્ઞ...' વગેરે.

આ પ્રસંગે વિશેષ મહેમાન હતા, ડૉ. રામા રાજુ અને બહેન શ્રી મધુબહેન, જેઓ સ્વામી જ્ઞાનાનંદજીના પરિવારમાંથી આવ્યા હતાં અને વિશાખાપટ્ટનમ સ્થિત આશ્રમ તરફથી, હાલ યુ.એસ.એ.થી ખાસ પધાર્યા હતાં. કાર્યક્રમ પછી તેમણે શારદામંદિરના સ્થાપકો, શ્રી ભોગીભાઈ ઠાકર વિશે તેમજ ભોગીભાઈના ગુરુદેવ સ્વામી જ્ઞાનાનંદ વિશે વાત કરી હતી કે સ્વામી જ્ઞાનાનંદ, શિક્ષણના તીવ્ર આગ્રહી, વિદ્વાન મહાઋષિ અને અવધૂત હતા, જેમણે યુવાવયે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરી હતી. હિમાલયમાં થયેલા પોતાના અનુભવોને આધારે તેમણે 'પૂર્ણ સૂત્ર' ગ્રંથ લખ્યો હતો. જેની ગણના એક 'માસ્ટરપીસ' તરીકે થાય છે. આ ગ્રંથ પ્રકાશિત કરવા અને હિંદુ ધર્મના પ્રચાર માટે તેઓ યુરોપ ગયા હતા અને વિદ્વતાને કારણે તેઓ ન્યુક્લીયર સાયન્ટીસ્ટ બન્યા હતા. ડૉ.રામા રાજુએ, સ્વામી જ્ઞાનાનંદજીની આત્મકથા 'ધ સેન્ટ એન્ડ સાયન્ટીસ્ટ'માંથી કેટલુંક વાંચ્યું, કે શારદામંદિરના સ્થાપક શ્રી ભોગીભાઈ, માઉન્ટ આબુમાં સ્વામીજીને નીલકંઠ મહાદેવના સ્થળે કેવી રીતે મળ્યા હતાં.

તા.૧૭ પછીના દરેક રવિવારે ,ઘણા બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અચૂક સવારે ૭-૩૦ વાગે આવી જતા અને પ્રાતઃપ્રાર્થનાનો લ્હાવો લેતા અને પાછો એ વર્ષો પહેલા મળતો સીંગ-સાકરીયાનો પ્રસાદનો લાભ પણ લેતા જ હતાં.

આ પછીના દરેક રવિવારે બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અચૂક સવારે ૭-૩૦ વાગે આવી જતા અને પ્રાતઃપ્રાર્થનાનો લ્હાવો લેતા અને પાછો એ વર્ષો પહેલા મળતો સીંગ-સાકરીયાનો પ્રસાદનો લાભ પણ લેતા જ.

જ્યારે તા. ૨૧/૦૧/૨૦૨૪એ છેલ્લી પ્રાતઃપ્રાર્થના હતી ત્યારે બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક જ ઈચ્છા હતી કે આ પ્રથા તમે ચાલુ રાખીએ પણ વર્તમાન સંજોગોને આધીન ૨૧મીએ છેલ્લી પ્રાતઃપ્રાર્થના કરી અને શાળાની મેઈન ઓફીસ પાસે ઝાડની ફરતે, શાળાના આંગણામાં બહેનોએ 'એવા આવે છે શારદા ના બાળ રે... ' ગરબો મોઢેથી ગાઈને ગરબા રમવાની ખૂબ મજા કરી. ત્યારબાદ બધા છુટા પડતા કહેતા ગયા કે આવતા વર્ષે ફરી આપણે અહીં જ આજ રીતે મળીશું.

આ પ્રાતઃપ્રાર્થના ના કાર્યક્રમને સફળ બનાવવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો તો આભાર માનીએ જ છીએ, પણ આ કાર્યક્રમોનું સરસ રીતે આયોજન કરવા માટે શાળાના સંચાલકો, શિક્ષકો, ઓફિસના સભ્યો અને સવારે વહેલા આવીને બધી વ્યવસ્થા કરવા માટે આચાર્યશ્રી વિજયભાઈ રાવલ સાહેબ, શ્રી સાકેતભાઈ દવે, શ્રી નાથુભાઈ મનાણી, શ્રી સંગીતાબહેન અને શ્રી પ્રણવભાઈનો ખાસ આભાર.

- માલા ગાંધી

# અભિનંદન



વિનયમંદિર વિભાગ ધો.૧૧(બ) સાયન્સનો વિદ્યાર્થી ચિ. જૈનિલ અશ્વિનભાઈ ડોડીયા છેલ્લા ૫ વર્ષથી SSKAI (Shito-Ryu Sports Karate Association of India) માં સિનિયર પ્લેયર છે. તેણે National Tournament 4th All Indian Shito-Ryu Karate championship-2023 જે તા.29&30th October, 2023 એ શંખેશ્વર, સુરેન્દ્રનગર, ગુજરાત ખાતે યોજાઈ હતી. જેમાં તેણે ૧ ગોલ્ડ, ૧ સિલ્વર મેડલ તેમજ સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત ગત વર્ષે 17th All Gujarat State Level Shito-0Ryu Karate Championship-2023 માં પણ ટ્રોફી અને ૧ સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ જે બદલ ચિ.જૈનિલને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.



કલાશિક્ષક સંઘ, ગુજરાત સંચાલિત આર્ટ ટીચર્સ એસોસીએશન, ગુજરાત દ્વારા આયોજીત ડ્રોઈંગ કોમ્પીટીશનમાં શાળાનો શિશુમંદિર વિભાગનો ધો.૭ (ગુજરાતી માધ્યમ)નો વિદ્યાર્થી ચિ. અઘેરા મિહિર ગોપાલભાઈ એ ડીસ્ટ્રીક્ટ લેવલની કોમ્પીટીશનમાં ભાગ લઈ 'શ્રેષ્ઠ ચિત્રકૃતિ' નું સર્ટીફીકેટ તેમજ મોમેન્ટો પ્રાપ્ત કરેલ જે બદલ ચિ.મિહિર ને ખૂબ ખૂબ અભિનંદન.

## બાલમંદિર વિભાગ

- તા.૩૦/૧૧/૨૦૨૩ને ગુરૂવારથી શાળાનું બીજું સત્ર શરૂ થયું. નાના ભૂલકાઓ દિવાળીની રજાની મજા માણી હર્ષભેર શાળામાં આવ્યાં.
- તા.૨/૧૨/૨૩ને શનિવારે બકરી અને વરુ નું નાટક ભજવવામાં આવ્યું.
- તા. ૨૩/૧૨/૨૩ને શનિવારે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોએ સાંતાક્લોઝ, જોસેફ, મરીયમ જેવા પાત્રો બની ઉત્સાહભેર ઉજવણી કરી. શ્રીમતી હર્ષાબેન પ્રજાપતિએ સાંતાકલોઝ બની બાળકોને ગમતી ભેટ આપી.
- તા.૨૮/૧૨/૨૩ને ગુરુવારે સુગંધી ફળના પાઠ દ્વારા બાળકોએ સુગંધ પરથી વિવિધ ફળો ને ઓળખી બતાવ્યા હતાં.
- તા. ૫/૧/૨૪ને શુક્રવારે શાળાના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ઠાકોરભાઈ દેસાઈ હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.
- શિયાળાની ઋતુમાં કસરતથી થતા ફાયદા સમજાવી સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૧૩/૧/૨૪ને શનિવારે પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં રંગબેરંગી પતંગો હાથમાં લઈ પતંગના ગીતો ગાવાની અને પતંગ ચગાવવાની મજા આવી.
- તા.૧૮/૧/૨૪ને ગુરૂવારે શિયાળામાં આવતા લીલા શાકભાજીનું મહત્વ સમજાવી સલાડ તથા સૂપનો પાઠ આપી નાસ્તામાં બાળકોને આપ્યા.
- તા.૨૫/૧/૨૪ને ગુરૂવારે પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી. ચિ. પલકબેન ભારતમાતા બન્યા હતાં.
- તા.૩૦/૧/૨૪ે મંગળવારે ગાંધી નિર્વાણદિન નિમિત્તે બે મિનિટ મૌન પાળી ગાંધીબાપુને શ્રધ્ધાંજલિ આપી.
- તા.૩/૨/૨૪ને શનિવારે 'નોકર જોઈએ છે' વાર્તા પપેટ દ્વારા રજૂ કરી. બાળકોએ પપેટની મજા માણી.
- તા.૫/૨/૨૪ને સોમવારથી રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ રમતો જેવી કે સંગીતખુરશી, લીંબુચમચો, દોડ, વિઘ્નદોડ, થ્રો બોલ, ધનની રમત, મેમરી ગેમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો.
- તા. ૧૪/૨/૨૪ને બુધવારે વસંતપંચમી નિમિત્તે વસંતોત્સવ નું આયોજ કરવામાં આવ્યું. જેમાં વસંતના ગીતો ગાઈ સરસ્વતી પૂજન કરી વસંતના વધામણા લીધા.
- તા. ૧૫/૨/૨૪ને ગુરૂવારે ચિત્રફરિફાઈનું આયોજન કરવામાં આવ્યું. બાળકોએ પોતાની કલ્પનાશક્તિથી સુંદર ચિત્રો દોરીસ મનગમતા રંગો પૂર્યા.
- તા. ૨૧/૨/૨૪ને બુધવારે 'વિશ્વ માતૃભાષા દિન'નું મહત્વ સમજાવ્યું.
- તાલીમના બાળકોની સુલેખન સ્પર્ધા તથા હેન્ડ રાઈટીંગ કોમ્પીટીનનું આયોજન કરવામાં આવ્યું. બાળકો સુંદર મરોડદાર અક્ષરે લખી વિજેતા બન્યા હતાં.
- તા. ૨૮/૨/૨૪ને બુધવારે વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ વિજ્ઞાનને લગતા પ્રયોગો અને પર્યાવરણને લગતી માહિતી એમની સરળ ભાષામાં સમજાવી હતી.
- તા.૨/૩/૨૪ને શનિવારે 'વિટામીન રાજા' નાટક દ્વારા પૌષ્ટિક ખોરાકનું મહત્વ સમજાવ્યું.
- તા.૭/૩/૨૪ને ગુરૂવારે 'મહાશીવરાત્રી' નિમિત્તે સાચાબોલા હરણાંનું નાટક ભજવી ૐ નમઃ શિવાયની ધૂન બોલાવી.
- તા.૨૨/૩/૨૪ને શુક્રવારે હોળી પર્વ નિમિત્તે 'ભક્ત પ્રહલાદ'નું નાટક ભજવી હોળીના ગીતો ગાઈ, હોળી પૂજન કરી બાળકોને તિલક કરી હોળી રમાડી હતી.
- તાલીમના બાળકોને કુમકુમચાંદલો કરી શુભાશિષ સાથે વિદાય સમારંભ યોજવામાં આવ્યો. ગુરૂજનોને પગે લાગી શારદામાના બાળ કૂચ સાથે પોતાના વ્હાલસોયા બાલમંદિરમાંથી વિદાય લીધી.

- ક્ષમા ત્રિવેદી (આચાર્ય, બાલમંદિર)

## શારદામંદિર - શતાબ્દી વર્ષ ઉજવણીના ભાગરૂપે સ્થાપના દિન અનુસંધાને...

**તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૪ - શનિવાર, સાંજના ૪ કલાકે**

શારદામંદિર - શતાબ્દી મહોત્સવના ભાગરૂપે ઉજવાઈ રહેલા શુભપ્રસંગોની મીઠી મધુર યાદોના ઉપક્રમે આજે આપણે સૌ ભેગા થયાં છીએ તે નિમિત્તે મારી અભિવ્યક્તિ હું પ્રસ્તુત કરું છું.

શારદામંદિરની કાર્યવાહક કમિટીઓ અને સનેહીજનોને અભિનંદતા એક વિશેષ પ્રકારની ખુશાલી અનુભવાય છે. શિક્ષક સમુદાયની ઉપસ્થિતી સોનામાં સુગંધ ભળ્યા સમાન છે, તો વિદ્યાર્થીમિત્રોમાં તે ચેતનારૂપે સળવળી રહે છે. સમગ્ર વાતાવરણ સ્થાપનાદિનને સુશોભિત કરી રહ્યું છે તે ભાવને વધાવતાં હું મારી રજૂઆતના માર્ગે આગળ વધુ તે જ યોગ્ય ગણાશે.

"માણ્યું તેનું સ્મરણ કરવું એ જ છે એક લ્હાણું"

આ મધુર લહાણીની સુગંધ આપણે સૌ સાથે માણતાં રહીએ. શારદામંદિરની પ્રવૃત્તિઓના સાક્ષાત અનુભવ સાથે પ્રસ્તુત કરેલું પુસ્તક 'પ્રયોગ પરિચય'માંની નોંધ જણાવે છે કે શાળાનો સ્થાપનાદિન શાળા બાળકો ઉજવે એ આનંદની વાત છે. આ શાળા પાસે એ નિશાન છે, ધ્યેય છે, માપદંડ છે. બાળકોની કેળવણી તે હેતુ છે. શ્રાવણ સુદ સાતમએટલે શારદામંદિરનો સ્થાપના દિન. શાળાનું પહેલું સત્ર શરૂ થાય અને થોડા દિવસોમાં જ આ પ્રસંગની ઉજવણીના ડંકા-નગારા સાંભળવા મળે. મુખ્ય મહેમાન તરીકે આ વખતે કોણ આવશે તેની કલ્પનાઓ બાળકો કરતાં હોય. સ્વયંપાકનાં રસોડે આ વખતે કઈ નવી વાનગીઓ બનાવવી એ ચર્ચા અંદરો અંદર થતી હોય. શ્રાવણ સુદ સાતમની સવાર ઉગે ત્યારે જે દશ્ય નજરે પડે તે જોઈને પ્રતીતિ થાય કે સાચે જ આ બધું સુયોજિત છે. મુખ્ય મહેમાન તરીકે કોઈ કેળવણીકાર જ હોય તેવો રિવાજ ખરો. શાળા આંગણે મુખ્ય મહેમા પગ મૂકે ત્યારે શાળાનું આંગણું શરણાઈઓના સૂરોમાં ગુંજી ઉઠેલું હોય. બાળકોમાં હાસ્યની કિલકારીઓ સંભળાય, આખી સંસ્થા આસોપાલવનાં તોરણ, સુવાસિત પુષ્પોથી, શણગારાયેલા વર્ગખંડો, રંગમંડપ, ચોગાન બધું જ સુશોભિત હોય. મહેમાનો વ્યવસ્થિત ગોઠવાઈ ગયા હોય, બધુ જ સુસજ્જ, વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના પરીશ્રમનો અણસાર આવ્યા વગર ના રહે.

મંગલકૂચના શબ્દો સંભળાય છે, "આવે પેલો બાલરથી...."શ્રોતાઓ અને પ્રેક્ષકો ચોમેરથી શોધે છે. બાલરથી એજ સમયે ત્રણેય દિશામાંથી, ત્રણ રથો મેદાનમાં પ્રવેશ કરે છે. જગતના ચોકમાં, માનવજાતના જીવન સંગ્રામી રણભૂમિ પર ભૂત, ભવિષ્ય અને વર્તમાન દિગ્દર્શક સમાન ત્રણ રથ આવીને ઉભા રહે છે. ત્રણેય કાળમાં માનવસૃષ્ટિના મંગલસૂત્ર દોર બાળકોનો જ હતો, છે અને રહેશે એવી સંજ્ઞા ઉભરી આવે છે. એક મૌલિક સંદેશ આપતી હોય તેમ સરસ્વતિના ખોળામાં ઉછરી, સંસ્કારી બનાવી તેને માનવતાથી ભરી દો.

અર્જુનના રથના સારથી કૃષ્ણ હતાં, રથ કૃષ્ણનો હતો, પ્રગતિ માટે અશ્વો હતા, ચક્રધારી કૃષ્ણ છતાં અહિંસા વ્રતધારી હતાં. ત્રણેય રથના સ્થાને તો બાળકો જ છે. જગતનો નાથ પેલો જગન્નાથ છે. શારદામંદિરના બાળકોના વિરાટ ભાવ ઉચ્ચારનો બુલંદ અવાજ સંભળાય છે.

"જગમાં પ્રાણ પૂરંતો આવે પેલો બાલરથી..... વિરાટની એ ઝાંખી કરતો આવે પેલો બાલરથી... બાલરથી ... બાલરથી..."

આ બાલરથી શારદામંદિરનો ધ્યાનમંત્ર ઉચ્ચારે છે. આ રથનું શુભ સ્વાગત કરે છે મુખ્ય મહેમાનશ્રી. કાર્યક્રમોમાં આનંદની માત્રા ઉત્તરોત્તર ચડતી જાય છે. મોઢામાં લીંબુ ચમચો મૂકી આગળ વધવું, કોથળા પહેરી દોડતા કુમારો વગેરે મનોરંજક રમતોનો રેલો ચાલે છે અને પૂરો થાય છે.

અને હવે, રોમહર્ષક સ્વાદિષ્ટ મનભર પેટ ભરી ખાવાનો સ્વયંપાકનો વારો. વર્ગખંડો આજે રસોડા બની ગયા છે. તે પણ શણગારેલા, રમકડા ગોઠવેલા, રસોઈની સૌરભ પ્રસરાવતા ધમધમે છે. મિત્રો અને વર્ગ શિક્ષકોના માર્ગદર્શનથી તૈયાર થયેલા શાળા સજાવી, મુખ્ય મહેમાન અને આમંત્રિતો પ્રેમપૂર્ણ ભાવે પીરસાય છે. વિદ્યાર્થીઓના વાલીઓ પણ આવે છે અને ખાઈ-પી ને મદમાતું થયેલું આ ઉત્સવઘેલું વિદ્યાર્થીમંડળ ધીમે ધીમે વિખરાય છે.

શારદામંદિરનો સ્થાપનાદિન એ કોઈમાત્ર મોજ ઉડાવવાનો દિવસ નથી. સંસ્થાની સ્પષ્ટ એવી દૃષ્ટિ તેમાં રહેલી છે અને માટે તે પ્રયોગ બની જાય છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓ રાષ્ટ્રનું પરમધન છે. વિશ્વનું માંગલ્ય છે અને ઉન્નત ભાવના આ શાળાના શિક્ષકોને સદાય કાર્યરત રાખે છે.

શારદામંદિર - શતાબ્દી મહોત્સવા ભાવરૂપે ઉજવાઈ રહેલા શુભપ્રસંગોની મીઠી મધુર યાદોમાં ઉપક્રમે આજે આપણે સૌ ભેગા થયા છીએ. તે નિમિત્તે આશાબેન રાવલ (કક્કૂ) વજુભાઈ દવેના સૌથી નાના દીકરી વતી એમની અભિવ્યક્તિ હું પ્રસ્તુત કરું છું.

- પ્રસ્તુતિ - અમી રાવલ દ્વારા તા. ૬-૧-૨૦૨૪

**- આશા (દવે) રાવલ**

# શતાબ્દી વર્ષ - સાહિત્યોત્સવ

**તા.૧ અને ૨ ડિસેમ્બર-૨૦૨૩**

'શતાબ્દી વર્ષ' - આ શબ્દ જ કેટલો રોમહર્ષણ છે ! દેશને આઝાદી મળી તે પહેલાં ૧૯૨૪માં અમદાવાદના પાલડીમાં શારદામંદિર સંસ્થાનાં બીજ વવાયાં. સંસ્થાના પાયાના નિષ્કામ ભાવનાવાળા કર્મીઓ - મુ.શ્રી ભોગીભાઈ ઠાકર, મુ. ચંદુભાઈ દવે અને મુ. સવિતબેન ત્રિવેદીએ પૂજ્ય ગાંધીજીની પ્રેરણા અને મેડમમોન્ટેસરીના સિધ્ધાંતને અનુસરીને આ શળાનો પિંડ બાંધ્યો, ઘડ્યો અને કેળવ્યો. શિક્ષણ ક્ષેત્રના ભીષ્મપિતામહ મુ.નાનાભાઈ ભટ્ટ અને મુ.ગિજુભાઈ બધેકાના સાનિધ્યના રંગે રંગાઈને આવેલા મુ. વજુભાઈ દવે એ અમદાવાદ ખાતે શારદામંદિરમાં ભાર વગરના ભણતર અને પ્રવૃત્તિમય કેળવણીની ખાતાવહીમાં ખાતું ખોલાવ્યું. સર્વાંગી વિકાસનો મુદ્દો આઝાદીની ચળવળના માહોલમાં ખીલ્યો. દેશદાઝ, સ્વદેશી, શહીદી, પત્રિકાઓ જેવા શબ્દોથી દેશનો દેહ સંપુર્ણ રીતે રંગાયેલો હતો તેમાં શારદામંદિરના આત્માના ઘડતરમાં પ્રવાસ, પ્રભાતફેરી, સ્વયમ્પાક, સાંસ્કૃતિક અને ઈતર પ્રવૃતિઓએ બાળકોના વિકાસમાં મહત્વનો ફાળો નોંધાવ્યો. આ સ્થળે અને ક્ષણે નૂતનવારિના વહેણમાં પગ બોળવાનું મન થાય એવી એક ઋષિતુલ્ય માનવ પ્રતિભાનું સ્મરણ કરીએ. શારદામંદિર માટે 'શાળા સ્થાપો'ની પ્રેરણા આપનારા પૂજ્ય જ્ઞાનાનંદ સ્વામીજીનો ઉલ્લેખ કરવો ઘટે. કદાચ એમના આશિષથી અને પૂર્વ આચાર્યો તથા શિક્ષકોના શિક્ષણયજ્ઞની ધ્રૂમસેરની ચિરંજીવ અસરથી જ આ શાળા વિકાસોન્મુખ બની. મુ. દિનુભાઈના વડપણ હેઠવા પણ શાળા આગેકૂચ કરતી રહી. આજે શારદામંદિર સો વર્ષ પૂરાં કરવા જઈ રહી છે ત્યારે વર્તમાન શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ, વહીવટી વિભાગના કર્મીઓ અને ટ્રસ્ટીઓ એક જૂથ બનીને ઉત્સવમાં પ્રાણ પૂરી રહ્યા છે. 'સાહિત્યોત્સવ'ના આરંભે 'અસ્મિત ભીતપત્ર'ના પ્રકલ્પનો સંકલ્પ લેવાયો. ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાની અનેક સાહિત્યકૃતિઓનો સંચય વિદ્યાર્થીઓએ કર્યો. તેમની સ્વસર્જિત કૃતિઓ પણ શણગાર સજીને આવી. સૌના સહકારથી આ કૃતિઓ શાળાના પ્રાંગણમાં બંધાયેલા મંડપની દિવાલો ઉપર ગોઠવાઈ અને દીવાલોને અનેરુ વ્યક્તિત્વ તથા સ્વરૂપ પ્રાપ્ત થયાં. આગામી શ્રાવણ સુદ સાતમે સો વર્ષ પૂરાં થશે એની શરણાઈ અને એના નગારાની વાટ સૌ જોઈ રહ્યા છે.

સાહિત્યોત્સવ કેવો રહ્યો ? ચાલો, માણીએ !

શારદામંદિરના સો વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે એની ખુશીમાં યોજાયેલ વાર્ષિક કાર્યક્રમોની સૂચિમાં ડિસેમ્બર-૨૦૨૩ની પહેલી અને બીજી તારીખે જે સાહિત્યોત્સવ યોજાયો તેની તવારિખ આ પ્રમાણે હતી. પહેલી તારીખે બપોરે શારદામંદિરના પ્રાંગણમાં ઉત્સવના આરંભે ભૂતપૂર્વ વિદ્યાર્થી હિલ્પન શાહે શાળામાં હંમેશ ગવાતી પ્રાર્થના 'ૐ તત્સત્....'નું ગાન કર્યું, ત્યારબાદ સંગીત શિક્ષિકા નિશાબહેન છાટબારના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓએ શારદા સ્તુતિ રજૂ કરી. 'શારદા.... વરદાયિની'બાળકો કરકમળ થકી દીપ પ્રાગટ્ય કરાવવામાં આવ્યું કારણકે શાળાના કેન્દ્રસ્થાને તો બાળક જ છે ને ! અંગ્રેજી માધ્યમની શાળા શારદામંદિર મોડર્ન સ્કૂલના આચાર્ય સાકેતભઈ દવે એ અનુરૂપ માહિતી આપી શાળાના સંગીત અને સાહિત્યના ડિજિટલાઈઝેશન થકી અને QR કોડના ઉપયોગથી કઈ રીતે એનો લાભ લેવો એની સમજૂતી ઉપસ્થિત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અતિથિઓને આપી. શાળાના સંગીત અને સાહિત્યના ડિજિટલાઈઝેન થકી અને QRકોડના ઉપયોગથી કઈ રીતે એનો લાભ લેવો એની સમજૂતી ઉપસ્થિત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અતિથિઓને આપી. આ થઈ શુઈ શુભ શરૂઆત સાહિત્યોત્સવની. સૌ પ્રથમશાળાના પ્રત્યેક વિભાગમાંથી ચૂંટાયેલા બાળકોએ 'હું સાહિત્યસર્જક છું' ફેન્સી ડ્રેસ કોમ્પિટીશનમાં ભાગ લઈ સાહિત્યકારોનો પરિચય અલગ જ અંદાજમાં આપ્યો. વ્યાખ્યાતા અને સાહિત્યકાર દમયંતીબેન શુક્લ અને નૃત્યકાર તથા ગુરુ ચારૂગીતાબેન શુકલે નિર્ણાયકોની ભૂમિકા નિભાવી. ત્રણ બાળકોને વિજેતા ઘોષિત કર્યા. ચૌહાણ અવની મીરાંભાઈ તરીકે, હર્ષ સોંધરવા કલાપી તરીકે અને આદિત્ય જયદત્ત ચેતન ભગત તરીકે પ્રભાવી રહ્યા. વનિતાબેન પટેલનું સંચાલન સુયોગ્ય રહ્યું. બપોરની સાથે સાથે કાર્યક્રમો પણ જામતા જતા હતાં.

આગળના સોપાને શાળા પરિસરમાં બે સ્થળે સમાંતરે 'વાર્તા રે વાર્તા'નું આયોજન કરવામાં આવ્યું. શાળાના પ્રાંગણમાં છ થી બાર ધોરણના બાળકોને ભૂતપૂર્વ શિક્ષિકા અને લેખિકા સુધાબેન ભટ્ટે બાળકોના સાથ સહકારથી વાર્તા કહી. ભૂતપૂર્વ વિદ્યાર્થીની નેહા મહેતાએ એનું સુસંચાલન કર્યું.

નાના પ્રાર્થના મંદિરમાં ધોરણ એક થી પાંચના વિદ્યાર્થીઓને લઈ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને લેખિકા અનુરાધાબેન દેરાસરીએ સંવાદ શૈલી સહ વાર્તાકથન કર્યું જેનું સંચાલન શાળાના શિક્ષિકા રોમાબેને કર્યું.

સાંજ તરફ ઢળતા સમયગાળે પ્રાંગણમાં જાણીતા વાર્તાકાર રામમોરીએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ સહિત સ્વાનુભવના જીવન પ્રસંગોના ઉદાહરણો ટાંકી બાળકોને શિક્ષણ તરફ વળવાના અનેક માર્ગો ચીંધ્યા. છ થી

બાર વર્ષના વિદ્યાર્થીઓ માટે એ સુ-અવસર હતો. સમાંતરે નાના પ્રાર્થના મંદિરમાં ધોરણ એક થી પાંચના ભૂલકાંઓને નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટે ગુજરાતી સબટાઈટલ આપીને બનાવેલી પચાસેક મિનિટની બાળફિલ્મ બતાવાઈ. જેમાં વિશિષ્ટ ધ્રુવીય પક્ષી પેંગ્વિનના જીવન અંગે માહિતી આપવામાં આવી. શીર્ષક હતું **'પ્લેનેટ અર્થ - પોલ ટુ પોલ'** પ્રકૃતિના તત્ત્વોથી અવગત થવું બાળકોને ગમ્યું.

સાહિત્યોત્વના પ્રથમ દિવસના અંતે સંધ્યાકાળે અર્ચન ત્રિવેદીના નાટક 'વાતનું વતેસર'નું મંચ થયું. સંકુલા દરેક વિભાગના બાળકો અને કર્મીઓએ ભેગા થઈ હળવી શૈલીમાં રજૂ થયેલું એ નાટક માણ્યું. તબિયતની બાબત આમ તો ગંભીર કહેવાય પરંતુ એને કેવી રીતે રમૂજી શૈલીમાં પ્રસ્તુત કરવી એ લેખિકા જિગીષા ત્રિવેદીએ સુપેરે સંવાદો દ્વારા મુકી આપ્યું. ત્રિવેદી દંપતી ઉપરાંત વરિષ્ઠ નાટ્યકલાકાર નલિનભાઈ રાવલે મંચ ગજવીને સૌની પોતાના કરી દીધા.

બીજી ડિસેમ્બર-૨૦૨૩નું પ્રભાત ખીલ્યું અને બાળકો તથા મુરબ્બીઓ સમયસર શાળાએ આવી પહોંચ્યા. આજકાલ સૌના રસનો વિષય છે, 'આપણા દેશની અવકાર ક્ષેત્રે છલાંગ' ચન્દ્રયાન એક, બે અને ત્રણ તથા આદિત્ય એલ-૧ની કામગીરી અને સફળતા વિશે ઈસરોના નિવૃત્ત વિજ્ઞાની અને ઈજનેર ચિંતન ભટ્ટે રસાળ શૈલીમાં સૌને સમજાય એવી ભાષામાં નક્કર માહિતી આપી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો તથા વાલીઓએ એની ચર્ચામાં રસપૂર્વક ભાગ લીધો અને મનમાં ઉગતા પ્રશ્નોના નિરાકરણ અર્થે ચિંતનભાઈએ પૂરા પ્રયત્નો થકી તેમની ઉત્સુકતાને વધાવી. પ્રાથમિક શાળાના આચાર્ય મનીષભાઈ પટેલે વક્તાનો પરિચય આપ્યો.

સભાનો દોર આગળ વધ્યો અને શારદામંદિર પ્રાંગણના ભૂતપૂર્વ વિદ્યાર્થિની પાર્થિવી અધ્યારૂએ સંસ્કાર ભાષા સંસ્કૃતનું મહત્વ દર્શાવતી પ્રવૃત્તિઓ કરાવી. બાળકોને પ્રાચીન ભાષા સંસ્કૃતમાં રસ લેતા કરવાનો એ સન્નિષ્ઠ પ્રયાસ અને અભિગમ હતો. શ્લોક ગાન અને જાપથી ઉત્પન્ન થતા નાદબ્રહ્મનું મહત્વ તેમણે ઉદાહરણ આપી સમજાવ્યું. બાળકોએ પણ એમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સંસ્કૃત ભાષા અઘરી છે એવો ભ્રમભાંગી એને અપનાવીએ તો આપણી એ દૈવી ભાષા આપણને ઘણું જ્ઞાન આપે એ એનો હેતુ હતો. તે 'શ્લોકાવલિ' કાર્યક્રમનું સંચાલન સુધાબેન ભટ્ટે કર્યું.

સમાંતરે નાના પ્રાર્થનામંદિરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને જાણીતા ગાયિકા હેતલ રાવલે શારદામંદિરમાં ગવાતા ગીતોની લ્હાણી નાના બાળકો સંગ કરી. 'મારા પ્રભુજી નાના છે' 'દિવાળીની છૂટ્ટી' 'હવામાં આજ વહે છે' જેવા ગીતો પુનઃ સજીવન થયા.

રસપ્રદ કાર્યક્રમોનો માહોલ હતો, તો, સાહિત્ય સાથે વિજ્ઞાન અને કળાનો સુંદર સુભગ સંયોગ પણ હતો જ. ધો.છ થી બારના વિદ્યાર્થીઓ માટે શાળાના પ્રાંગણમાં સન્નિષ્ઠ કલાકાર નયનાબેન સોપારકરે કલા સંવાદનો આરંભ કર્યો. હા, આગલે દિવસે એમણે વિદ્યાર્થીઓના મોટા સમૂહને નાનકડા ક્રાફ્ટનું નિદર્શન આપી સરસ મજાનાં કાગળનાં 'હૃદય' આકારના નમૂનાઓ બનાવડાવી ક્યારીઓમાં રોપાવડાવ્યાં હતાં જે રંગબેરંગી ઉદ્યાન જેવા ભાસતાં હતાં. હા, નગીનભાઈ ધોળકિયાએ પૂર્વ સૂચના આપી બાળકોને આ પ્રકલ્પનાં પ્રવૃત્ત કર્યા જેને બાળકોએ ધ્યાનથી સાંભળીને સમલમાં મૂક્યાનો સંકલ્પ કર્યો . નયનાબેને સ્લાઈડની મદદથી સમજણ આપી.

એ જ સમયે નાના પ્રાર્થનામંદિરમાં ધોરણ એક થી પાંચના બાળકોને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની મોનાબેન શોધને વિશ્વવિખ્યાત જાપાનીઝ આર્ટ 'ઓરિગાની' નો સક્રિય પરિચય આપ્યો. સ્વયમ્ નિદર્શ આપી એમણે બાઈકો પાસે કાગળની કરામત કરાવડાવી ત્યારે બાળકો પણ પોતે આવું કરી શકે એવો આત્મવિશ્વાસ તેમનામાં જન્મ્યો. ટોપી, ઝુમ્મર, ટેબલ લેમ્પ ઈત્યાદિ બનાવવા એમને ખૂબ ગમ્યાં. મનીષભાઈએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન આપ્યું.

ધોરણ એક થી બારના દરેક વિદ્યાર્થીઓને મન માતૃભાષાનું મહત્વ કેવું હોવું જોઈએ અને એમાં રસ કેવી રીતે વિકસાવવો જોઈએ એની સરળ અને હસતાં રમતાં શીખવાની યુક્તિવાળી એક ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું. સુધાબેન ભટ્ટ એ પાર્થિવી અધ્યારૂએ 'ક કક્કાનો ક' નામનો ગુજરાતી ગેમશો તૈયાર કર્યો છે એની ઝલક ઉપસ્થિત પ્રેક્ષકોને મળી. વિદ્યાર્થીને રસ પડે એવા પ્રશ્નોનો દોર ત્રણ ટીમ વચ્ચે ચાલ્યો. નિશ્ચિત સમયમાં અપાયેલા સાચા જવાબને જ ગુણ મળે એ નિયમ સહિત બાળકોએ એમાં ઉમંગભેર ભાગ લીધો. 'ત્ર' ઉપરથી બનતા શબ્દો, કહેવતનો યોગ્ય ઉપયોગ અને અર્થ, ઝડપથી શબ્દોના અર્થ આપવા એવી પ્રશ્નોત્તરીને બાળકો અને ભાવકોએ - સૌએ વધાવી. ગુજરાતી ભાષાનું જ્ઞાન અને તેનું મહત્વ વધારવા આવી હળવી રમતો બાળકોને રમતાં રમતાં શીખવા માટેનું એક ઉત્તમસાધન છે એવું બંને સંચાલકોએ વિશ્વાસપૂર્વક કહ્યું. ઉદઘોષક તરીકે વનિતાબે પટેલનો અદ્ભુત સહકાર સાંપડ્યો.

શબ્દરમત પછી ધોરણ અગિયાર અને બારના વિદ્યાર્થીઓને તાત્કાલિક અસરથી મદદરૂપ થાય એવો એક પરિસંવાદ છ થી બારના વિદ્યાર્થીઓ સારુ પ્રાંગણમાં યોજાયો. સાહિત્ય ક્ષેત્રે

કારકિર્દી બનાવવાના સૂચનો સહ ભૂતપૂર્વ વિદ્યાર્થિની આર.જે.પૂજા અને જી.એલ.એફ.ના કાર્યવાહક જુમાના બેન ઉપસ્થિત રહ્યાં. 'મોડર્ન એજ કેરિયર'ના શીર્ષક હેઠળ એમણે મુક્ત મને સૂચનો સહિત માર્ગદર્શન પણ આપ્યું. વિદ્યાર્થીઓએ ધ્યાનથી એમની વાત કાને ધરી અને પોતાના ભાવિ અંગે તેઓ વિચાર કરતા થયા. બંનેએ સહિયારા અભિપ્રાય આપી કહ્યું કે બાળકોએ વાંચવું જોઈએ - ખાસ કરીને વર્તમાનપત્ર.

બપોર થતાં જ - ભોજન વિરામ પછી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉત્પલ ભટ્ટે નવી શિક્ષણનીતિ ઉપર પ્રકાશ પાડી સ્વાનુભવના આધારે વિદ્યાર્થીઓએ આ અંગે કેવી નીતિ રાખવી જોઈએ એનાં કેટલાક વિનમ્ર સૂચનો ઉદાહરણ સહિત આપ્યાં. ઉદ્‌ઘોષક પાર્થિવી અધ્યારૂએ કહ્યા મુજબ ઉત્પલભાઈ 'લોકપાલ'ની પદવી પામ્યા છે. એની પાછળ સન્નિષ્ઠ સવિસ્તાર અભ્યાસ અને એક શિક્ષક તરીકે ઉત્પલભાઈના વિદ્યાર્થીઓ સાથેના સંવાદ ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. નવી શિક્ષણનીતિ સાથે ગામડામાં જાગૃતિ ફેલાવવાનું કામ તેઓ આદિવાસીઓના સમૂહમાં કરે છે. વિદ્યાર્થી ભાવિ કારકિર્દી માટે સજાગ રહે તેવી આવડત દરેક પાસે હોવી જોઈએ. ગ્રામ્ય બાળક પરદેશ ભણવા જાય અને શહેરી બાળ ખેતીવાડીમાં નિષ્ણાત બની જાય - છે ને કમાલની વાત !

એ જ સમયે નાના પ્રાર્થનામંદિરમાં શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થિની યામિનીબહેન પટેલે વાર્તા સર્જનની કળા વિશે વિદ્યાર્થીઓને ઉદાહરણ સહિત માહિતી આપી અને વિષય આપીને એમણે બાકોને વાર્તા રચવાની પ્રેરણા આપી. એક વાર્તાનાયક એના જીવનમાં કઈ રીતે આગળ વધે તેના અનેક સુચનો હોઈ શકે. આથી એક વિષય - અનેક વિચારો - એવી પ્રેરણા યામિનીબહેને આપી.

બપોરની ચા ટાણે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને ફિલ્મનિર્માત્રી અદિતિ ઠાકોરે વિદ્યાર્થીઓને સિનેમા સર્જનની પ્રક્રિયા વિશે જાણકારી આપી. ફિલ્મના તમામપાસા સાથે તેઓ જોડાયેલા છે. લેખક, દિગ્દર્શક, સ્ક્રિપ્ટ લેખક - દરેક વિશે માહિતી આપી. દશ્ય કેવી રીતે બદલી નાંખવું એની યુક્તિ સમજાવી. એક જ સ્થળ (લોકેશન) ના વિવિધ ઉપયોગ કરી, કઈ રીતે કરકસર કરી કળાપ્રતિ બનાવી તેની રીત બતાવી. સ્પેશિયલ ઈફેક્ટનો ઉપયોગ આધુનિક સમયમાં કેવી રીતે થાય છે તે પણ સમજાવ્યું. સાકેતભાઈ દવેએ પૂર્વ પ્રસ્તાવના બાંધી હતી.

આર. જે. પૂજાએ ઉદઘોષણા કરી અને આના પછીની બેઠક અંગે પ્રાથમિક માહિતી આપી. 'રૂડી ગુજરાતી વાણી - રાણોનો વકીલ' પેનલ ડિસ્કશનમાં ઉપસ્થિત રહ્યા - શ્યામ પારેખ, અમર ભટ્ટ, રાજેન્દ્ર પટેલ અને અર્ચિત જાની. તેમણે છ થી બાર ધોરણના શિષ્યો સમક્ષ વિદ્વત ચર્ચા કરી. આ ચર્ચા ગુજરાતી ભાષાનું ગૌરવ કરવા અને વધારવા માટેની હતી. કવિ દલપતરામનું વાક્ય 'વાણી રાણીનો વકીલ' સિધ્ધ કરવા માટેની એ બેઠક હતી. ગુજરાતી ભાષાની સમૃદ્ધિને યથાવત તો રાખીએ પણ એને વધારવાનોય પ્રયત્ન કરીએ એ સૂર એમાંથી નીકળ્યો. રસિકો એને ઝીલીને સ્વયમ્ પ્રવૃત્ત થાય એવી અપેક્ષા.

સખી આંગેનો શીતળ સમીર વાયો અને અનોખો ત્રિવેણી સંગમરચાયો શારદામંદિરના પાવન પ્રાંગણમાં. આ એ જ ભૂમિછે જ્યાંથી અનેક મહારથીઓએ કાઠું કાઢ્યું અને અનેક વિભૂતિઓની ચરણરજ અહીં પડી 'ક કાળજીનો ક' વિષય પર પીઢ લેખક અને કવિ શ્રી તુષાર શુક્લ એ મન ખોલ્યું અને મા ગુર્જરીની જાણે કે આરાધના કરી ! માતૃભાષાનું મહત્ત્વ ઝાઝેરુ છે જીવનમાં. તેને હૈયે ધરીને બાળકના વિકાસની કેડી માતા-પિતા અને શિક્ષકો કંડારે એવી અભિલાષા એમણે વ્યક્ત કરી. પોતાના બાળપણનાં કેટલાંક સંસ્મરણો ઉદાહરણ રૂપે રજુ કરી સૌમ્ય અને ધૈર્યપૂર્ણ શૈલીને વહેતી કરી. સાકેત દવે એ પરિચય આપ્યો તેની પુષ્ટિ થઈ એવી પ્રતીતિ સૌને થઈ.

છ થી બાર ધોરણના વિદ્યાર્થીઓ સમક્ષ સૌમિલ શાહ 'સાયન્સ ફિક્શન'ની રસપ્રદ વાતોને લઈ આવ્યા. જુમાના બહેનની પ્રસ્તાવનાથી જ ખ્યાલ આવી ગયો કે જીવનની વાસ્તવિકતાઓ સાથે વિજ્ઞાનની કાલ્પનિક વાતો કેટલી સંલગ્ન હોઈ શકે. એક અમે કરેલી આવી કલ્પનાઓ આજે મૂર્ત સ્વરૂપ પામી શકી છે એવી કેટલીક નક્કર વાતો સૌમિલભાઈએ ગંભીરતાપૂર્વક છ થી બાર ધોરણના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રાંગણમાં કરી. એ સંવાદ યાદ રાખી બાળકો વિજ્ઞાનની વાતોમાં રસ લેતાં થાય તો આવા કાર્યક્રમો સાર્થક થયા સમજો.

બંને દિવસે સવાર-બપોર-સાંજ મોડર્ન સ્કૂલના પ્રાર્થના ખંડમાં શ્રી રામચંદ્ર મિશન દ્વારા યોગ અને ધ્યાનના 'હાર્ટફૂલનેસ' પ્રકલ્પોના આયોજન ચાલ્યા જેને પ્રોત્સાહક સહકાર સાંપડ્યો.

બીજા દિવસના સોળમાં અધ્યાય તરફ વળીએ તો મધુરેણ સમાપયેત સમાન શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. પ્રશાંત ભીમાણીની 'વાત મનની' રજૂ તો થઈ પણ જાણે કે અધૂરી રહી ગઈ ! સમયના માપદંડને ધ્યાને લઈને પ્રશાંતભાઈએ ટૂંકમાં મનની વાત કહી જે રસિકોને 'ગાગરમાં સાગર'જેવી લાગી. માનસશાસ્ત્રીય તજજ્ઞ જ્યારે અંગત મિત્ર બનીને વાત કરે ત્યારે 'ડૉક્ટર'નો 'હાઉ' પોબારા ગણી જાય. જુદી જુદી સમસ્યા લઈને આવનારા દર્દીઓના હમદર્દ બની

## શતાબ્દી વર્ષ - સાહિત્યોત્સવ

એમણે ઘણાં કિસ્સામાં રોગીને ક્યાંતો રોગમુક્ત કર્યા છે ક્યાંતો એવું કાઉન્સેલિંગ કરી એનામાં આત્મવિશ્વાસ ઉભો કરી એને રોજિંદા જીવનમાં રસ લેતા કર્યા છે કે જે હવે ભૂતકાળ ભૂલીને સ્વસ્થ જીવન જીવી રહ્યા છે.

શારદામંદિરની ધરતીમાંથી આવાં કંઈક રત્નો જન્મ્યાં છે જે દેશભરમાં અને વિદેશમાં નોખા નોખા ક્ષેત્રોમાં પ્રવૃત્ત છે અને ઉંચાઈએ બિરાજ્યાં છે. આ દ્વિદિવસીય સત્ર અંતે મુંબઈના નાટ્ય દિગ્દર્શક મનોજ શાહનું નાટક 'અદ્ભુત' પ્રસ્તુત થયું જેમાં સીમિત સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સામેલ કરવામાં આવ્યા. કેટલાક વાલીઓ પણ એમાં ઉપસ્થિત હતાં. શિક્ષણ જગતમાં પ્રવર્તતી સમસ્યાઓને કારણે અથવા અંગત જીવના કોયડાઓને ઉકેલવામાં નિષ્ફળતા મળી હોય એવા યુવાનો-યુવતીઓ માટે એનું આયોજન થયું હતું જેમાં શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની આર.જે.દેવકીએ મુખ્ય અને એકમાત્ર પાત્ર નિભાવ્યું હતું.

દ્વિદિવસીય સાહિત્યોત્સવના આયોજનમાં મુખ્ય ભૂમિકા નિભાવનાર અને સૌની સાથે રહેનાર આચાર્ય શ્રી વિજયભાઈ રાવલે ઉત્સવ સમાપનની ઘોષણા કરતાં કહ્યું કે 'બાળકો સાહિત્યમાં રસ લેતા થાય એ સારું, આવા કાર્યક્રમો શાળા સ્તરે થવા જ જોઈએ.' વિજયભાઈએ સમ્મિલિત સૌનો આભાર માની, એમને શુભકામનાઓ આપી ફરી ભેગા થવાની આશા વ્યક્ત કરી હતી.

આવાં સર્જનશીલ અને પરિણામલક્ષી સાહિત્ય ઉત્સવો પ્રત્યેક વર્ષે યોજાતાં રહે એવી આશા, અપેક્ષા અને આકાંક્ષા સાથે સૌ ઘર ભણી ચાલી નીકળ્યા.

**- સુધા ભટ્ટ**
**(પૂર્વ શિક્ષિકા, શારદામંદિર)**

## જાણવા જેવું

30 days have September, April, June & November
All the rest have 31,
excepting February alone.
Which has but 28 days clear and 29 in each lap your

## Modern School & Modern Highschool



Students and teachers celebrated Independence day through various performances.

# Modern School & Modern Highschool



Students of Class-11 took part enthusiastically in Quiz Competition and Green Parliament organized by Amity Global Business School, Ahmedabad.



Student of Std.-11-E-Science - Goswami Meet Balakgiri participated in a competition regarding Explanation and Discussion on Gita Adhyays and received a certificate in Diwan Ballubhai School.



A seminar on Nasha-Mukti (De-addiction) was organized by the Lions club for the students of class 9 to 12. Students had taken the pledge to be free from any kind of addiction.



Teachers participated in 'Run for Unity' organized by Gujarat government.



Students celebrating Veer Baal Divas by conducting group discussion on Sahebjada Fatesinh and Joravarsinh



Kavya Patel was appointed as a captain of Gujarat State Cricket team.

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

## શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે

સ્વયંપાક એ શારદામંદિરની ઘણી જૂની અને આગવી પરંપરા છે. કેળવણીના ભાગરૂપે પાકશાસ્ત્ર, પોષક આહારનું મહત્વ એ સામૂહિક ભોજનનો ત્રિવેણી સંગમ એટલે શારદામંદિરના સ્થાપના દિને ઉજવવામાં આવતો 'સ્વયંપાક'. પ્રતિવર્ષ દરેક વર્ગની ટુકડીઓ દ્વારા જુદી જુદી વાનગીઓ બનાવવામાં આવતી અને બધા ભેગા મળીને એનો આનંદ માણતા. હાલ શારદામંદિરના શતાબ્દી પર્વની ઉજવણીમાં, આપણી શાળાની આગવી ઓળખ સમી આ પ્રવૃત્તિનો સમાવેશ પણ કરવામાં આવ્યો.

વર્ષોથી ઉજવાતો આપણો સ્વયંપાકનો ઉત્સવ, અદ્યતન 'શારદામંદિર - માસ્ટરશેફ'ના નવીન સ્વરૂપે તા. ૬-૧-૨૦૨૪ને શનિવારના રોજ, શાળાના પ્રાંગણમાં ગોઠવવામાં આવ્યો.

ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ અને વર્તમાન શિક્ષિકા બહેનો, એમ મળીને કુલ ૨૮ બહેનોની બનેલી ૬ ટુકડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો. ૬ ટુકડીઓના નામ મહત્વના ૬ રસ - મધુર (Sweet), ખાટો (Sour), ખારો (Salty), કટુ (Bitter), તૂરો (Astringent), તીખો (Pungent), - પરથી આપવામાં આવ્યા હતાં. દરેક ટુકડીમાં એક બેહનને લીડર તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. શાળાના મેદાનમાં તંબુ જેવા બનેલા ૬ વિશાળ સ્ટોલમાં, દરેક સ્પર્ધક ટુકડીને રસોઈમાં વપરાતી લગભગ તમામ સામગ્રીઓની કીટ આપવામાં આવી. આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને ઈટીવી રસોઈ-શો માં ખૂબ જ પ્રખ્યાત શેફ પૂર્વાબેન મહેતા, આ સ્પર્ધામાં જજ રહ્યા.

બપોરે ચાર વાગ્યે સ્પર્ધા શરૂ થતા પહેલા, આપણી શાળાના સ્થાપક ભોગીભાઈ ઠાકરના પૌત્રી રુદ્રાબહેન દવેએ સ્વયંપાક સાથે સંકળાયેલી પોતાની મીઠી યાદો વહેંચી. મુખ્ય મહેમાન શ્રી આશાબેન (દવે) રાવલ નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે ન આવી શક્યા પણ તેમણે આશીર્વચનો, અમીબેન રાવલ થકી સૌને સંભળાવ્યા અને આમ સ્પર્ધાની શરૂઆત થઈ.

તમામ સ્પર્ધક ટુકડીને મોબાઈલ જમા કરાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો. તેમણે શું બનાવવાનું છે તે, તે જ સમયે કહેવામાં આવ્યું. જે એક ચેલેન્જ હતું ! સ્પર્ધકોને એક ફરસાણ અને એમ મીઠાઈનો કોમ્બો બનાવવાનો અને માત્ર બે કલાકમાં તૈયાર કરવાનો ટાસ્ક આપવામાં આવ્યો. તે સમયગાળા દરમિયાન, નિર્ણાયક પૂર્વાબહેનની ચકોર નજર દરેક ટુકડી પર રહેતી - તે સાથે, સ્પર્ધકની તકલીફ ઉકેલવા માટે શતાબ્દી ટીમના સભ્યો હાજર હતાં.

વાનગીના પ્રેઝન્ટેશ, ગુણવત્તા, બનાવવાની રીત, નાવીન્ય, સ્વાદ, વ્યવસ્થા, ચોખ્ખાઈ, વધુ વપરાશ કે વધુ બગાડ, સ્કીલ વગેરે પરિણામના આધારે, ટીમલીડર ધ્વનીબહેનની સ્પર્ધક ટુકડી વિજેતા નિવડી જ્યારે ટીમલીડર જ્યોતિબહેન શાહની સ્પર્ધક ટુકડી, રનર-અપ રહી. તમામસ્પર્ધકોએ બે કલાકમાં ખૂબ સુંદર વાનગીઓ તૈયાર કરી અને પ્રોફેશનલ ઢબે રજૂ કરી હતી. વિજેતા બે ટીમને ઈનામો અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતાં.

સ્પર્ધા ચાલુ રહી, તે બે કલાકના સમયગાળા દરમ્યાન, ભૂતપૂર્વ વિદ્યાર્થી આલાપ શાહે તૈયાર કરેલ રસપ્રદ ફન-ફૂડ-ક્વિઝમાં હાજર રહેલા તમામ પ્રેક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમને તમામ રીતે મદદરૂપ થવા માટે શાળા મુલતાની પરિવારનો આભાર માને છે. રસોઈ માટે વાસણો વગેરેની વ્યવસ્થા કરી આપવામાં વર્ષ ૧૯૭૨ બેચની વિદ્યાર્થીનીઓનો પણ ખૂબ આભાર. તે ઉપરાંત, નાની-મોટી દરેક જરૂરિયાત પૂરી કરી આપવામાં શાળાના તમામ શિક્ષક ભાઈ-બહેનો તથા ઓફિસ સ્ટાફનો ખૂબ આભાર કે જેમના સહકાર થકી આ કાર્યક્રમ સફળ રહ્યો. **ખૂબ જ મહેનત માંગેલી એવા આ સ્વયંપાકના કાર્યક્રમનું સુંદર આયોજન મેઘનાબહેન મહોરોવાલા, પૂર્વાબહેન મહેતા અને રૂપલબહેન મહેતાએ, શતાબ્દી કાર્યક્રમની ટીમના સહકાર દ્વારા કર્યું હતું. તેને સફળ બનાવવા બદલ, તે સાથે સંકળાયેલા દરેકનો તથા ભાગ લેનારા સહુ કોઈને આભાર અને ખૂબ ખૂબ અભિનંદન.**

**- આલાપ શાહ (ભૂતપુર્વ વિદ્યાર્થી)**

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક અહેવાલ (તા.૬-૧-૨૦૨૪)

આપણી શાળાના ૧૦૦ મા વર્ષની ઉજવણી હવે ચરમસીમાએ છે. તા. ૬-૧-૨૦૨૪ને શનિવારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન શારદામંદિરના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું.

શાળાની વર્તમાન વિદ્યાર્થિનીઓએ ખૂબ સરસ ભારતનાટ્યમ નૃત્ય દ્વારા, ગણેશ વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરી. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી ડૉ. વૈશાલી પટેલ, શ્વેતા શેરદલાલ, પરેશ શાહ, ઋષય ત્રિવેદી, આલાપ શાહ તેમજ સાકતેભાઈ દવે વગેરેએ ખૂબ સરસ પરફોર્મન્સ આપ્યા.

વર્તમાન વિદ્યાર્થીઓ પૈકી કાવ્યા દવે, જાનવ ભાવસાર, ઈશાએ પણ વોકલ તથા ઈન્સ્ટ્રુમેન્ટલ, એમ સરસ પ્રસ્તુતિઓ રજૂ કરી.

શારદામંદિરના શિક્ષકો નિશાબેન છાંટબાર, હેતલબેન રાવલ અને અસ્મિબેન કોટે પણ ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો અને સુંદર ગીતો પ્રસ્તુત કર્યા.

મ્યુઝીક પ્રોડ્યુસર અને જાણીતા એડ ફિલ્મમેકર આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી હિલ્પન શાહના સહયોગ અને જહેમતથી આખો કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો. ભૂતપૂર્વ વિદ્યાર્થી આલાપ શાહ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સ્ટેજ સંચાલન કર્યું.

મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, મિત્રો, તેમના પરિવારજનો તેમજ સ્ટાફની હાજરીથી આખો કાર્યક્રમ ખૂબ સરસ રીતે પૂર્ણ થયો.

આ કાર્યક્રમને સફળ બનાવા બદલ તેની સાથે જોડાયેલા સહુ કોઈને ખૂબ ખૂબ અભિનંદન.

**- આલાપ શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી)**

## વિદ્યાર્થી વિભાગ

### લીમડાને આવી ગ્યો તાવ !

લીમડાનાં દાદા કહે, કહી કહીને થાકી ગ્યો
જાવ હજી ફાસ્ટફૂડ ખાવ
ટીશર્ટને જિન્સવાળી માંજરી બિલાડી કહે
આપણને દૂધ નહીં ફાવે
પિઝાને બર્ગરની આખ્ખી આ પેઢીને
રોટલીને શાક ક્યાંથી ભાવે ?
વર્ષોથી બોટલમાં કેદી થઈ સડતાં એ,
પીણાંને પીવો ને પાવ.
જાવ હજી ફાસ્ટફુડ ખાવ.
અપટુડેટ કાગડાને કાગડીયુ
માઈકમાં મંડી પડ્યા છે કંઈ ગાવા
કંઈ પણ ભીંજાય નહીં, એવા ખાબોચિયામાં,
નીકળી પડ્યા છો તમે ના'વા ?
કૂંપળનાં ગીત લીલા પડતા મૂકીને જાવ
રિમીક્સનાં ગાણાઓ ગાવ.
જાવ તમે ફાસ્ટફૂડ ખાવ.
કાન એ કંઈ થૂંકવાનો ખૂણો નથી
કે નથી પેટ એ કંઈ કોઈનો ઉકરડો
આપણાં આ ચહેરા પર બીજાનાં નખ
શેના મારીને જાય છે ઉઝરડો ?
માંદા પડવાનું પોષાય કદી કોઈનેય ?
સાંભળ્યાં છે ડોક્ટરનાં ભાવ ?
જાવ હજી ફાસ્ટફૂડ ખાવ.

- કૃષ્ણ દવે

## શિક્ષક વિભાગ

### શ્રીરામનો સંક્ષિપ્ત પરિચય

| | | | |
|---|---|---|---|
| નામ | : શ્રી રામચંદ્ર | પુત્ર | : લવ, કુશ |
| પિતા | : દશરથ | વંશ | : રઘુવંશ |
| માતા | : કૌશલ્યા | ગૌત્ર | : કશ્યપ |
| પત્ની | : સીતા | કુળ | : ઈક્ષ્વાકુ |
| જન્મસ્થળ | : અવધ (અયોધ્યા) | કુલગુરુ | : વશિષ્ઠ |
| જન્મસ્થળ | : ચૈત્ર સૂદ નોમ, શુક્લ પક્ષ, બપોરે ૧૨ કલાકે કર્ક લગ્ન | શિક્ષાગુરુ | : વિશ્વામિત્ર |
| | | તલવારનું નામઃ નંદન | |
| ભાઈઓ | : ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન | બાણનું નામ | : બ્રહ્મદત્ત |
| બહેન | : શાન્તા | લાક્ષણિક્તા | : અજાનબાહુ |
| બનેવી | : ઋષ્યશૃંગ | વધ કર્યો | : તાડકા, મારીચ, વાલી, ઈન્દ્રજીત, ખર, દૂષણ, કુંભકર્ણ, રાવણ |
| સસરા | : જનકરાજા | | |
| સાસુ | : સુનયના | | |

સરયૂનદીમાં સમાધિ લઈ માનવ દેહ ત્યાગ કર્યો.

**- વનિતાબેન પટેલ (શિક્ષિકા, વિનયમંદિર વિભાગ)**

---

## શતાબ્દી વર્ષ - રમત-ગમત

શારદામંદિર વિનયમંદિર શાળાનો શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે માં શારદાના આંગણે જુદી જુદી રમતોની જવાબદારી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત હતી. જેમાં એક રમત ક્રિકેટનું આયોજન કરવામાં આવેલ. ક્રિકેટની રમત માટે ૧૨૦ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જે શાળાના ચાર ગૃહ ગીતગોવિંદ, પદ્મપુકુર, ચંદ્રમૌલી અને મેઘદૂતમાં વહેંચવામાં આવેલ. ચાર ગૃહને A અને B ગૃપ આપી ટીમ બનાવવામાં આવેલ. જેમાં દરેક ટીમને ૧૫ ખેલાડી આપવામાં આવેલ. શાળાના મેદાનમાં હાજર રહી જુદા જુદા વય જુથમાંથી સર્વસંમતિ દ્વારા કેપ્ટન અને વાઈસ કેપ્ટનની નિમણુંક ટીમ દ્વારા કરવામાં આવેલ. દર રવિવારે સવારે ૮-૩૦ કલાકથી મેચ ચાલુ થતી હતી. ટેનીસબોલ ઉપર ૧૦-૧૦ ઓવરની ટુર્નામેન્ટનું આયોજન થયેલ. છેલ્લા રવિવારના દિવસે ગૃપ A ની ટોપ બે ટીમમેઘદૂત અને ગીતગોવિંદ તેમજ ગૃપ B ની ટોપ બે ટીમ પદ્મપુકુર અને ગીતગોવિંદ વચ્ચે સેમીફાઈનલ મેચ રમાઈ અને છેલ્લે રવિવારે પદ્મપુકુર ટીમ ફાઈનલ વિજેતા બનેલ.

દરેક મેચને અંતે મેન ઓફ ધ મેચ ખેલાડીને ટ્રોફી એનાયત કરવામાં આવતી હતી.

અંતે ફાઈનલ વિજેતા ટીમને ટુર્નામેન્ટ ટ્રોફી આપવામા આવેલ. સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ જુદા જુદા વયજુથ વચ્ચે એકતાના દર્શન થયા.

**- વિજય રાવલ**

---

**Findout the Name of animal from the sentences. Each sentence has one name**

1) My brother visited Africa too.
2) Did you see the Red sea last year ?
3) How are two foreigners ? Michel and robe are, their name
4) She must go at 7:30 a.m.
5) Manoj took off Roger's Coat and returned him.
6) Sneh or sevanti will help you.

Answers : (1) cat (2) seal (3) bear (4) goat (5) frog (6) horse

**- Vanitaben Patel (Vinaymandir)**

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

### પરોઢિયાનાં પંદર વર્ષ શારદામંદિરના આંગણે (૧૯૭૭-૧૯૯૨)

પંદર વર્ષના મારા શાળા સાથેના સંસ્મરણો શેર કરતાં આજે શતાબ્દી દ્વારે હૈયુ મારૂં નૃત્ય કરે ! સમગ્ર શારદામંદિર પરિવારનો હૃદયસ્થ આભાર...

મારા મોસાળની બે-બે પેઢીઓ ઉપરાંત પિતૃપક્ષના સંતાનો પણ શારદામંદિર પરિવારમાં. એટલે શાળાની પ્રથા પ્રમાણે મારો પ્રવેશ સરળ હતો. પણ એડમિશન વખતે કોઈક કારણસર મમ્મી-પપ્પા તારીખ લગભગ ચૂકી ગયેલી ત્યારે તાલીમમાં ભણતી મોટી બહેન ઋતાના વર્ગશિક્ષિકા **સરલાબહેને** મમ્મીને મારાં એડમિશનનું યાદ કરાવેલું અને પ્રવેશ માટે પડાપડી થતી શાળામાં સરળતાથી મારી આવન-જાવન શરૂ થઈ ગયેલી. જાણે કે એક ઘેરથી બીજે ઘેર ! આ સરલાબહેનના પતિ સ્વ. ધીરુભાઈ વ્યાસે વર્ષો પૂર્વે નવમા-દસમામાં ભણતી વિદ્યાર્થીની નયનાને (મારી મમ્મી) ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન, અમદાવાદ કેન્દ્રની જવાબદારી સોંપેલી.

જુના શારદામંદિરની **સૂરબાળા બહેનના** ઓરડા (ઓહ ! કેટલાય વર્ષો પછી મનના સુષુપ્ત ખૂણેથી આજે 'ઓરડો' શબ્દ જીવંત થઈ રહ્યો છે) ની મારી પહેલ-વહેલી સ્મૃતિ તે વર્ગને અડીને આવેલા રેલ્વેના પાટા પરથી પસાર થતી 'છુક છુક ગાડી'. ચાલુ વર્ગે છુક-છુક ગાડીને આવજો-આવજો કરવા દોડી જવાની એવી તો મજા પડતી કે થોડી મોટી થઈ ત્યારે 'ટ્રેન'માંથી નિશાળ જોવાની ભારે ઈચ્છા થતી. પછી જાણ્યું કે તેને માટે તો ભાવનગર જવું પડે, કારણકે એ પાટા પરથી પસાર થતી ટ્રેન ભાવનગર જતી. પ્રાથમિક શાળામાં એકાદ વખત ભાવનગરથી અમદાવાદ ટ્રેનમાં આવવાનું થયું ત્યારે રાત આખીય જાગી હતી તે 'મારી શાળા' જોવા માટે, સાથે ભગવાનને પ્રાર્થના પણ કરતી હતી કે ટ્રેન થોડી વાર નિશાળ પાસે અટકી પડે, પણ પળવારમાં તો ટ્રેન સરકી ગયેલી. તેવી જ રીતે પરોઢનાં ત્રણ વત્તા બાર એટલે પુરા પંદર વર્ષની શારદામંદિર યાત્રા પણ ક્યારે પૂરી થઈ ગઈ એ ખબર ના પડી.... ખટ્ટમીઠાં પ્રસંગોથી ભરપૂર તે સોનેરી વર્ષોનો વાયરો આજે ત્રણ દાયકા પછીય પ્રસંગોપાત લહેરાતો રહ્યો છે.

નાના બાળમંદિરનું બીજું એક આકર્ષણ તે ચોગાનમાં એક બાજુએ પડી રહેતી મોટરગાડી. ક્યારેક મનુભાઈની મોટર ચાલી પમ.પમ.પમ. સખીવૃંદ સાથે મુક્ત મને લલકારતાં મોટર હાંકવાની કોશિષ કરી હશે. થોડાં વર્ષો પહેલાં ફરતાં ફરતાં અચાનક ચણોઠી જડી આવી અને તે સાથે બાલમંદિરમાં ટચૂકડી હથેળીઓનો ખોબો કરીને ભરપૂર વીણેલી ચણોઠીઓ યાદ આવી. પછી તો તેમાં જોડાયાં આંબલી-કાતરા, શેતૂર... સ્મૃતિઓના પડળ ખૂલતાં ગયાં. ચૈત્ર મહિનો આવે એટલે શાળામાં ફરજિયાતપણે પીવડાવવામાં આવતો લીમડાનો રસ યાદ આવે તે પહેલા પાછળથી અપાતો આઈસ્ક્રીમ દેખાઈ જાય, જે આખાય વર્ષનો ઈમ્યુનિટી ડોઝ.

જૂના શારદામંદિરમાંથી નવા શારદામંદિરમાં આવી. ખિસાવાળો યુનિફોર્મ આવ્યો અને હીંચકા-લપસણી અદ્રશ્ય થયા, ત્યારે ઊભા લટકાતા હીંચકાથી મન મનાવવું પડેલું. શરૂઆતમાં પલાંઠી વાળીને વર્ગમાં બેસતા. પણ થોડા જ વખતમાં વર્ગમાં નાની બેંચો આવી ગયેલી.

સાઠમાં સ્થાપનાદિને શાળાના પ્રાંગણમાં પલાંઠી વાળીને સૌની સાથે કરેલું ભોજન અને બાલમેળો તે કેમ કરીને ભૂલાય ? તે વખતે અમે પાંચમાં ધોરણમાં હતા એટલે ઓફિસની પેલે પાર માધ્યમિક શાળાના મેદાનમાં ભાગ્યે જ જવાનું હતું. ભોજનની ગોઠવણ હતી મોટા પ્રાર્થનામંદિરની બહારની ઓટલી પર. એટલે સ્થળને કારણે પણ શિશુમન વિશેષ ખુશ. વળી, અમારા સૌથી નાના વર્ગો (શિક્ષક **જયશ્રીબેન દવે**) ત્રણ દિવસ ફૂડસ્ટોલ રાખેલો અને વડીલોની મદદથી હિસાબ પણ કરેલો. આખુંય વર્ષ મન તલસતું રહેતું તે 'શ્રાવણ સુદ સાતમ' માટે. 'આવે પેલો બાલરથી...'ના મધૂર સ્વર તથા ઢોલક સાથે થતું બાલરથીનું આગમન મનને એવું તો ભાવવિભોર કરી દેતું કે તે અનુભૂતિને શબ્દરૂપ આપવું અઘરું પડે ! પણ રથ બનનાર બાળકોને પડતા શારીરિક કષ્ટનો હવે આટલાં વર્ષે વિચાર આવે. ઈતર પ્રવૃતિઓ માટે વિદ્યાર્થીઓને વહેંચવામાં આવતા ચાર ગ્રુપના નામપણ કેવાં મધુર કર્ણપ્રિય ગીતગોવિંદ, મેઘદૂત, પદ્મપુકુર, ચંદ્રમૌલિ અને ધવલગિરિ !

**પુરાણીસાહેબ**નાં ચિત્ર અને પ્રતિમાઓનું સંગીત, **જયશ્રીબેન રાવલ**ની વાર્તાઓમાં લહેકા સાથે બોલાતો શબ્દ 'ચાલતાં.... ચાલતાં....'તે આજે પણ કાનમાં ગૂંજે છે. મારા યોગ્ય ઘડતર માટે બાળમંદિરના શિક્ષકો ખાસ તો **પદ્માબેન, સવિતાબહેન અને સુશીલાબહેન** (પહેલું ધોરણ)ની ઉંડી નિસ્બત રહી હશે તેમ મમ્મીની વાતો અને તેણે જાળવી રાખેલા પીળા પડી ગયેલા જર્જરિત પ્રગતિપત્રકોની જિગસો પઝલ બનાવીને તેને આધારે કહી શકું.

બીજા ધોરણમાં આવી તે સાથે વિછળવા માટેના પાણી માટે 'વિ' અને પીવા માટેના પાણી માટે 'પી' બોલી **ધનીબહેન**ના પ્રેમાળ હાથે રંગબેરંગી પ્યાલામાં પાણી પીવાની જાહોજલાલી ગઈ અને વજનદાર વોટરબેગના વિકલ્પે ખોબો કરીને એક હાથે પાણી પીવાની જાહોજલાલી ગઈ અને વજનદાર વોટરબેગના વિકલ્પે ખોબો કરીને એક હાથે પાણી પીવાની કળા વિકસાવવી પડેલી. પટાવાળા **ચંદુભાઈ** એટલે

# ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

વિદ્યાર્થીમિત્ર **ચંદુ,** મોટા ભાગના છોકરા તેમને તુંકારે જ બોલાવતાં. બીજું ધોરણ **શ્રીદેવીબહેન**, ત્રીજું ધોરણ **હિમ્મતભાઈ**, ચોથું ધોરણ **દેવદાસભાઈ** એમ કરતાં કરતાં પાંચમા ધોરણમાં આવી. હિંદીપેન એટલેકે ઈંડિપેનના રોમાંચની સાથે સપ્લીમેન્ટ્રી શબ્દ પણ ગોખ્યો. હવે પરીક્ષામાં 'કાગળ આપો કે પુરવણી આપો એવું નહીં ચાલે' વળી સપ્લીમેન્ટ્રીને ટાઈટમટાઈટ દોરી પણ જાતે જ બાંધવી પડશે. અંગ્રેજી, હિન્દી ઉમેરાયા. વિષયોની સાથે શિક્ષકોમાં પણ વિવિધતા આવી.

સાતમા ધોરણમાં વિવિધ રાજ્યોની સંસ્કૃતિને આવરી લેતી ભૂગોળના પાઠ ભણાવતા **જયશ્રીબેન દવે**ના વર્ગ ત્યારે પ્રવાસ જેવા જ લાગતાં. 'પિરીયડ'ને સ્થાને 'તાસ' જેવો તળપદો શબ્દ છૂટથી વાપરનાર જયશ્રીબેને પ્રણાલિમાં ફેરફાર કરી દિવાળીનું ગૃહકાર્ય પણ મજાનું આપેલું. કોઈ એક ગમતા રાજ્યનું ઘર બનાવવાનું અને તે પણ ગ્રુપવર્ક એટલે ટોળકીઓ બનાવીને જાતજાતના અખતરા કરવાની મજા પડી ગયેલી. શબ્દોના ઉચ્ચાર અને જોડણી શુદ્ધિ પર પ્રાથમિક શાળાના શિક્ષકો ખાસ તો **અંશુમાલિનીબેન** ઘણો ભાર આપતા. સાહિત્યનો રસાસ્વાદ કરાવતા ભાષાશિક્ષકો તો આજે પણ જીવંત ! છઠ્ઠા ધોરણમાં વિનોદિનીબહેન નીલકંઠ રચિત પાઠ 'બે રુપિયા'ની કન્યા આનંદીની વાત કરતાં ઢીલા પડી ગયેલા **ભારતીબહેન**ની સાથે વિદ્યાર્થીઓની આંખમાં પણ આંસુ આવેલા. **બાબુભાઈ રાવલ, સનતબેન, ઉષાબેન, વિજ્ઞાન શિશીકા નીતાબેન, પંકજભાઈ, માનસિંહભાઈ, રૂપલબેન, મોતીભાઈ,** નવા આવેલા **અંજનાબેન, હેમાબેન** પાસે થઈ મારી યાત્રા વિનયમંદિરે પહોંચી.

નવમા ધોરણમાં સ્વ. બાલમુકુંદ દવેનું કાવ્ય 'જૂનું ઘર ખાલી કરતાં' ભણાવતાં ભાવવિભોર થઈ ગયેલા **બાબુભાઈ સોલંકી**નો વર્ગ હવે મોટી ઉંમરે ઘર બદલવા ટાણે નજર સામે અૂચર તરવરે. તો ક્યાંક મેન્ટલી ચેલેન્જડ બાળક જોતાં જ સ્વ.ઈશ્વર પેટલીકરની નવલિકા 'લોહીની સગાઈ'ની અટપટા વિષય સરળ-રસિક ઢબે શીખવતાં સર્વમિત્ર સમા **વશરામભાઈ**ના વર્ગમાં ક્યારેક ર.વ.દેસાઈની કાલજયી કૃતિ 'ભારેલો અગ્નિ' જેવા સાહિત્યિક પુસ્તકોની પણ વાત થતી. **દિનુભાઈ** અને **રમણભાઈ** તો મારી મમ્મીના પણ શિક્ષક. માધ્યમિક શાળામાં **ગિરીશભાઈ** અને **ભીખુભાઈ** જેવા શિસ્તપ્રિય શિક્ષકો પાસે ભણતાં ખૂબ મોટા અને જવાબદાર થઈ ગયા હોય એવું લાગતું. ખાદીધારી ગિરીશભાઈનું સોનેરી સૂત્ર 'It must be in first grade.' તે જે કામ કરો અમે એસ.એસ.સી.માં હતાં. ત્યારે બજારમાં 'સમાજવિદ્યા દસ દિવસમાં.' નામે કોઈ ગાઈડ કે અપેક્ષિત આવેલી, વિદ્યાર્થીઓને માટે તો જાણે જાદુઈ લાકડી ! માર્ક હાથવેંતમાં ! છોકરાઓ ફટાફટ ખરીદવા માંડેલા. વાત ગિરીશભાઈને કાને પહોંચી હશે, પછી તો તેમની અકળામણ એક આખો પિરિયડ ખાઈ ગયેલી. માત્ર દસ દિવસમાં સમાજશાસ્ત્ર ના જ શીખી શકાય તેના બરાડા પાડતા તેમણે આપેલ ભાષણે વાસ્તવિક જીવનમાં શોર્ટ કટ સામે ઉંડા પરિશ્રમી માર્ગનું મૂલ્ય સમજાવવાં પ્રયત્ન કરેલો. બાકી બગાસા ખાતા કે બેધ્યાન વિદ્યાર્થીઓને તેમણે કરેલી ચ્હા-કોફી કે દાળવડાની ઓફર તો કોને યાદ નહીં હોય? એક વખત ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીના કમ્પ્યુટર કોર્સની પ્રવેશલાઈનમાં હું ઉભી હતી ત્યારે નિવૃત્તિને આરે ઉભેલા કડક શિક્ષકની છાપ ધરાવતા ગણિત શિક્ષક ભીખુભાઈ પણ એ જ લાઈનમાં હતાં. નજર પડતાં મને કહે 'હું પણ તારી જેમજ ભણવા આવ્યો છું અને પાછો લાઈનમાં તારી પાછળ' એમ સંવાદ શરુ કરતાં તેમણે પુરાવારૂપે મને પ્રવેશ ફોર્મ બતાવેલું. અગિયાર-બાર ફિઝીક્સ લેબમાં એકવાર યુવા શિક્ષિકા દીપાબહેને કન્યાઓને મા-પત્ની ઉપરાંતની પોતીકી સ્વતંત્ર ઓળખ વિશે સભાન કરેલાનું સાંભરે છે. બાકી પુસ્તકિયું ભણેલું તો બધું જ ભૂલાઈ ગયું છે.

**ચંદુભાઈ, ભાનુબહેન, હંસાબહેન, સુધાબેન, ચારુબહેન, નિરંજનભાઈ, રમેશભાઈ, ગદાણીસાહેબ, ગુણવંતભાઈ** ઉપરાંત બીજા ઘણા શિક્ષકોની વાતો બીજા વર્ગની બહેનપણીઓ કરતા થાકતી નહીં. જેમનો મને સીધો લાભ ના મળ્યો. શાળાના મુખપત્ર 'શારદ'માં આવતી **ઉર્મિબેન**ની કોલમ ધ્યાન ખેંચતી. ક્વચિત શાળાના આચાર્ય **દેવેન્દ્રભાઈ**ના અંગ્રેજી કે સંસ્કૃતનો લાભ પણ મળતો.

**શારદામંદિર-પ્રવાસ**

'ભારતમાતા કી જય - શારદામંદિર કી જય'ના નારા સાથે આરંભ થતાં પ્રવાસ બહુ જ રોમાંચક રહેતાં. પ્રવાસની આગલી સાંજે નિશાળમાં સૌને ત્યાથી થેપલાં જમા કરવામાં આવતાં પછી પ્રવાસમાં કયું થેપલું કોના ઘરનું છે તેના તુક્કા લગાડતાં અલ્પાહાર થતો. છઠ્ઠા ધોરણના ઉનાળાના વેકેશનની જાફરાબાદ ગ્રીષ્મશિબિર અને **વશરામભાઈ બારડ** સાથે કુલુ-મનાલી ટ્રેકિંગ તો સ્મૃતિરત્ન. રોજીંદી જરૂરિયાતો મર્યાદિત કરીને કેટલું મજાનું જીવન જીવી શકાય તેના બીજ કુલુ-મનાલી ટ્રેકિંગ દરમ્યાન વશરામભાઈએ રોપ્યા. બાર-તેર વર્ષની કુમળી ઉંમરે ધમધોખતી સૌરાષ્ટ્રની ગરમીમાં જાફરાબાદમાં ગાળેલા વીસ દિવસની ટૂંકી ઝલ આપું. નિયમિત શારીરિક કસરત પછી ગણિતના કોયડા ઉકેલવાનો બૌદ્ધિક વ્યાયામ, જાતજાતનાં ઉખાણાં, રાત્રે જાતે (શિક્ષકોની મદદ વગર) તૈયાર

## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

કરેલા સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત ઉપરાંત કપડાં ધોવાં, રસોડામાં મદદ, કચરો વાળવો જેવા રોજિંદા કામપણ ખરાં જ. બધું જ હળવાશથી. ફાજલ સમયમાં સોયદોરા વડે થેલોઓ પણ બનાવવાનું આછું પાતળું સ્મરણ છે. રાત્રે **જયશ્રીબેન દવે** અને **સ્મિતાબેન ઝવેરી** જેવા પ્રેમાળ શિક્ષકોની હૂંફમાં પથારીમાં આળોટતાં એકમેકને વાર્તા કહેતા ને ગીતો-કવિતાઓ ગાતા પળ વારમાં આંખ મિંચાઈ જતી. ઉપરાંત વચ્ચે-વચ્ચે આઉસ્ટિંગ પણ ખરું જ. ધ્રુવ ભટ્ટની જાણીતી નવલકથા 'સમુદ્રાન્તિકે' માં જેનું વર્ણન આવે છે તે વિસ્તારના વિવિધ દરિયાકાંઠામાં ઓછામાં ઓછા સાત-આઠ વાર તો મન મૂકીને નાહ્યાં. દરિયો ના હોય ત્યારે વડલો હોય. ઉતારાનું સ્થળ મહેતા અને પારેખ સ્કુલ. ત્યાં પાછા આવી દરિયાઈ રેતીથી ભારોભાર કપડાંનો વહીવટ પણ ખરોજ. શિબિરથી વળતાં પાલીતાણાનો શેત્રુંજય પર્વત પણ ચઢેલા. વત્સલ ગુરૂજનો અને મિત્રોના સંગમાં પહાડ-દરિયા-વડલાની મોજ માણતાં અભિવ્યક્તિની મોકળાશ સાથે સ્વાવલંબી રોજિંદા જીવનની કેળવણી તો ખરી જ. કોઈપણ જાતના ઠઠારા-દેખાડા વગરની આ સીધીસાદી ગ્રીષ્મશિબિર. ત્યારે એસટીડી કોલ સરળ નહોતા. એ વીસ દિવસ ઘરેથી નિયમિત અમારા નામે જવાબી પોસ્ટકાર્ડ આવતાં અને એમે પણ ઘરે નિયમિત લખતા થયેલાં. મારી પત્રલેખનની ટેવ એ લાંબી શિબિરે જ અંકુરિત થઈ શકે એમ આજે લાગે છે.

**નવીન પ્રયોગો**

પ્રાતઃપ્રાર્થના કે સ્વયંપાકનો લાભ અમારી પેઢીને ના મળ્યો પણ અવનવા પ્રયોગો થતાં જ રહેતાં. તેમાંનો એક તે પરીક્ષાનો હાઉં દૂર કરવા સરપ્રાઈઝ પરીક્ષાનું આયોજન. કદાચ એકાદ વખત સુપરવાઈઝર વગરની પરીક્ષા પણ લેવાઈ હશે એવું આવું-પાતળું સ્મરણ છે. બાળક કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી સૌની સાથે ઈન્ટરએક્શન કરે અને નવા મિત્રો બનાવે તે હેતુથી હું સાતમાં ધોરણમાં (વર્ષ ૮૬-૮૭) આવી ત્યારે કદાચ પહેલ-વહેલી વખત રીશફલિંગનો પ્રયોગ પણ થયેલો. અંગત મિત્રો છૂટા પડવાને કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓજ નહીં પણ વાલીઓ પણ નારાજ હતાં ત્યારે મેનેજમેનટ મક્કમ રહેલી અને ગુરુજનોને ધીરજથી સૌના મનનું સમાધાન કરવાનો પ્રયત્ન કરેલો. અંગ્રેજી વાતચીતની કળા માટે ખાસ આરતીબહેન દવેની ગોઠવણ થયેલી. સ્ટેપકટવાળ વાળા ફેન્સી **આરતીબહેનને** 'બહેન' ને સ્થાને 'આરતીમેડમ' કહીને સંબોધવામાં મન ગૌરવ અનુભવતું. પુસ્તકિયા જ્ઞાન કે પોતીકા જગતમાંથી બહાર ડોકિયું કરી જનસામાન્ય સાથે પણ ઘડી બે ઘડી શાળાના વિદ્યાર્થીઓ સંવાદ સાધે તે હેતુથી એક વખત નવમા ધોરણની સામાન્ય જ્ઞાનની પરીક્ષામાં શાળાની બહાર બેસતા **મોચીભાઈ**નું નામ પૂછવામાં આવેલું. જો કે અમે સૌ તો મોસ્ટ આઈએમપી ગણાતો પ્રશ્ન તે શાળાનો ફોન નંબર (કદાચ-૪૧૦ ૨૪૨) ગોખીને ગયેલાં. આવી તો કેટકેટલીય સૂક્ષ્મ કેળવણી જાણે-અજાણે થતી રહેતી. શાળા છૂટવાના સમયે દરવાજે આવતી રંગબેરંગી અચરકૂચર લારીઓને પ્રોત્સાહન નહોતું આપવામાં આવતું. પણ સાયકલસવાર કે ડબલ-ટ્રિપલ સવારીમાં લ્યુના/કાઈનેટિક નવોદિતોના ટોળા ઠીક-ઠીક દૂર સંજીવની હોસ્પિટલ આગળ જઈને પેપ્સી વગેરે ખરીદવાનું સાહસ કરી બાળસહજ આનંદ લૂટતા. વિદ્યાર્થીઓ વચ્ચે થતી સ્પર્ધા તંદુરસ્ત હોય તેવો ગુરુજનોનો પ્રયત્ન રહેતો અન્ય શાળાઓની જેમ નંબર નહોતા આપવામાં આવતાં. નયનરમ્ય પણ કોપી કરાયેલા ચિત્રોને બદલે ઓછા સુંદર પણ મૌલિક ચિત્રોને અપાતું પ્રાધાન્ય તે વર્ષોમાં સમજાતું નહોતું. તેમ શાળાની બીજી ઘણી પ્રથાઓ મોડેથી સમજાતી રહી છે.

**- રીતી શાહ**

## Modern School & Modern Highschool



Girls of class-7 did the practical projects on Images obtained from Concave Mirror and Convex Lens and prepared the models.

## અહેવાલ

### NCC તરફથી ગણતંત્ર દિવસ ઉજવણી, નવી દિલ્હીમાં પસંદગી થવા બાબત



ગુજરાતમાંથી કુલ 75,000 એન.સી.સી. કેડેટ્સમાંથી 200 કેડેટસ પસંદગી પામેલ. જેમાં 120 કેડેટસી પસંદગી ગણતંત્ર દિવસ ઉજવણી, દિલ્હી જવા માટે થયેલ. તા.13મી સપ્ટેમ્બર, 2023થી શરૂ થઈને તા.8મી ફેબ્રુઆરી 2024 સુધી એન.સી.સી. કેમ્પ (અમદાવાદથી લઈ નવી દિલ્હી)માં મારી પસંદગી થયેલ.

NCC અમદાવાદમાં સવારે 3:30 થી દૈનિક ક્રિયાથી લઈને સવારનો નાસ્તો, તૈયાર થવું, તાલીમ માટે જવું, બપોરનું ભોજન, ફરીથી તાલીમ માટે જવું, હળવાશનો સમય, રોલ-કોલ, રાત્રિ ભોજનથી લઈને સૂવા માટે રાત્રે 9:00 વાગ્યા સુધી કેવી રીતે રહેવું તે માટેની પૂરી તાલીમ અમને આપવામાં આવી. જેમાં અમને એકબીજાના હાવ-ભાવ એ ઈશારા સમજીને કેવી રીતે કાર્ય કરવું તે શીખવા મળ્યું. આ ઉપરાંત ટ્રેનિંગ દરમિયાન ખૂબ જ સહનશીલતા તેમજ ધીરજ કેમ રાખવી તે પણ શીખવા મળ્યું. એકતા અને અનુશાસનમાં કેવી રીતે રહેવાય તે અમે પરેડ દ્વારા શીખ્યા.

આ બધી બાબતો ટ્રેનિંગમાં શીખ્યા પછી તા.27 ડિસેમ્બર, 2023ના રોજ અમને નવી દિલ્હી ખાતે હાઈ સીક્યુરીટીવાળા 'કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ'માં લઈ ગયા. જ્યાં અમે સવારે 10:30 થી 1:00 વાગ્યા સુધી મુખ્ય અતિથિ દ્વારા સુચનાઓ તેમજ બપોરે 1:00 થી 5:30 સુધી કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવામાં આવતું. નવી દિલ્હીમાં અમને દરરોજની સ્પર્ધાઓનું ટાઈમટેબલ આપવામાં આવતું. જે મુજબ અમે સ્પર્ધાની તૈયારીઓ કરતાં. જેમાં ભારતના દરેક રાજ્ય સાથે સ્પર્ધા થતી. સ્પર્ધામાં શિસ્તબધ્ધતાથી લઈને સ્વચ્છતા સુધીના દરેક વિષયો વણી લેવામાં આવ્યા હતાં.

સ્પર્ધા પુરી થયા બાદ મુખ્ય અતિથિ 'બેસ્ટ પરફોર્મન્સ'નો નંબર આપતાં. જેમાં ગુજરાતની ટીમને ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ. મુખ્ય અતિથિ દરેક સ્પર્ધકને મળતાં અને પોતાને ઘરે આવવાનું આમંત્રણ પણ આપતાં. જેમાં મને પણ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિવાસસ્થાને જવાનું આમંત્રણ મળેલ અને રાત્રી ભોજન (ડિનર)નો લાભ મળેલ.

ગણતંત્ર દિવસ ઉજવણી, નવી દિલ્હીનો કેમ્પ સફળ રીતે પૂર્ણ થયા બાદ ગુજરાતનાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત તરફથી અમને તેનાં નિવાસસ્થાને જવાનું આમંત્રણ મળેલ અને તેઓએ અમને શુભેચ્છા પાઠવેલ.

ગુજરાતમાંથી પસંદગી પામેલ દરેક કેડેટ્સે ખૂબ જ સુંદર રીતે એકબીજાને સાથ સહકાર આપીને ટીમવર્ક કરેલ. ગણતંત્ર દિવસ ઉજવણી, નવી દિલ્હીમાં પસંદગી થવા બાબતની મને જે અમૂલ્ય તક મળી છે તે બદલ હું શારદામંદિર શાળાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

**- કવન ચેતનભાઈ ત્રિવેદી (ધો.૯,વિનયમંદિર)**

## SMART ACADEMY




**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**
નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.